# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-05-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા ચૂંટણી માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે હરિયાણા અને દિલ્હીમાં કરશે પ્રચાર, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અમેઠીમાં....તો રાહુલ ગાંધી બારાબંકીમા કરશે ચૂંટણી પ્રચાર
- ✓ આમ આદમી પાર્ટીએ કથિત દુર્વ્યવહાર મામલે રાજ્યસભા સાંસદ સ્વાતી માલિવાલના આરોપો ફગાવ્યા, આરોપી બિભાવ કુમારે પણ માલિવાલ સામે ફરિયાદ નોંધાવી છે
- ✓ કંબોડિયા અને દક્ષિણ પૂર્વીય દેશોમાં નોકરી માટે જનારા ભારતીયોને નકલી એજન્ટોથી સાવધાન રહેવા માટે વિદેશ મંત્રાલયની સલાહ...
- ✓ દેશના ઉત્તરપૂર્વીય, મધ્ય તેમજ પૂર્વીય ભાગોમાં હીટવેવની સ્થિતિ યથાવત્ રહેવાની હવામાન વિભાગની આગાહી
- ✓ આજે IPL ક્રિકેટમાં રોયલ બેંગલુરૂ ચેલેન્જર્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો

## ***CAMPAIGN TODAY***

**લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પૂરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતાદારોને રિઝવાવ માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે.**

**ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે હરિયાણા અને દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરશે. તેઓ હરિયાણાના અંબાલા અને**

સોનીપતમાં ચૂંટણી સભાઓ સંબોધશે. શ્રી મોદી બપોર બાદ ઉત્તર- પૂર્વીય દિલ્હીના કરતારનગરમાં સભા સંબોધશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર પ્રદેશના લલિતપૂર, બાંદામાં પ્રચાર કરશે, તેઓ અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઇરાનાની સમર્થનમાં રોડ શૉ કરવાના છે.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ઉત્તર પ્રદેશના બસ્તી અને લખનઉમાં જાહેર સભા કરશે.

તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ શ્ર્વસ્તી અને ફૈઝાબાદ, સુલ્તાનપુર તેમજ આમ્બેડકર નગરમાં ચૂંટણી સભાઓ સંબોધશે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના બારાબંકીમાં ચૂંટણી પ્રચાર કરશે. આ તરફ બહુજન સમાજવાદી પાર્ટીને અધ્યક્ષ માયાવાતી બસ્તીમાં સભાને સંબોધશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા આજે હિમાચલના પ્રવાસે છે, તેઓ કાંગડા, ચંબા અને સોલાનમાં ચૂંટણી સભાઓ કરશે.

.................

## *EC-GANGOPADHYAY*

કેન્દ્રિય ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અંગે બંગાળની તમલુક લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અભીજીત ગંગોપાધ્યાયે કરેલી કથિત અપમાનજનક ટિપ્પણીના કેસમાં ગંગોપાધ્યાયને કારણદર્શાવો નોટીસ પાઠવી છે.

ચૂંટણીપંચે સોમવાર સાંજ સુધીમાં કારણદર્શાવો નોટીસનો પ્રતિભાવ આપવાનો નિર્દેશ પણ આપ્યો છે.

ચૂંટણીપંચે જણાવ્યું છે કે, ગંગોપાધ્યાયે કરેલી ટીપ્પણી અયોગ્ય અને ગૌરવને ઠેસ પહોંચાડનારી જણાય છે. તેમજ આમ થવાથી આદર્શ આચારસંહિતાનું પ્રથમ નજરે ઉલ્લંઘન થતું જણાય છે.

ઉલ્લેખનીય છે કે, તૃણમૂલ કોંગ્રેસે ગંગોપાધ્યાય દ્વારા બંગાળના હલ્દિયા ખાતેની જાહેરસભામાં મુખ્યમંત્રી મમતા બેનરજી સામે કરાયેલી કથિત ટિપ્પણી અંગે ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરી હતી.

.................

## *ATISHI SWATI MALIWAL*

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશીએ કથિત દુર્વ્યહાર મામલે રાજ્યસભા સાંસદ સ્વાતી માલીવાલના દાવાઓને ફગાવી દીધા છે.

તેમણે મેડીયા સાથેની વાતચીતમાં કહ્યું કે આજે એક વીડિયો સામે આવ્યો છે, જે સ્વાતી માલિવાલના દાવાઓને નકારે છે. તેમણે આ મામલે ભારતીય જનતા પક્ષ સામે કાવતરું રચવાનો આરોપ મૂક્યો. રાષ્ટ્રીય મહિલા પંચે આરોપી બિભવ કુમારને આ મામલે નોટિસ પાઠવી હતી, જેમા તેમને આજે પંચ સમક્ષ જવાબ આપવા કહેવાયું છે.

ઉલ્લેખનીય છે કે સ્વાતી માલિવાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવ બિભવ કુમાર સામે દુર્વ્યહારનો આરોપ મૂકતા તેમની સામે ફરિયાદ નોંધાવી હતા. સ્વાતી માલિવાલે કહ્યું છે કે આપ આરોપીને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે તેઓ મહિલાઓ માટે એકલા લડ્યા છે, અને પોતાની જાત માટે પણ લડશે. દરમિયાન આરોપી બિભવ કુમારે પણ સ્વાતી માલિવાલ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

.................

## *NEPAL _ TRUST VOTE*

નેપાળની સરકાર સંકટમાં આવી ગઈ છે. નેપાળમાં સત્તાપક્ષનુ વિભાજન થતા ઉપેન્દ્ર યાદવના નેતૃત્વ વાળી જનતા સમાદવાદી પાર્ટીએ સમર્થન પાછું લઈ લેતા સરકાર લઘુમતીમાં આવી ગઈ છે.

જેને જોતા નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલે સોમવારે પ્રતિનિધિ સભાનો વિશ્વાસ મત લેવા માટે સંઘીય સંસદ સચિવાલયને પત્ર લખ્યો છે. નેપાળમાં બંધારણના અનુચ્છેદ 100ની કલમ 2 અંતર્ગત...જો કોઈ રાજકીય

પક્ષ સરકારમાંથી સમર્થન પાછું લે તો પ્રધાનમંત્રીએ 30 દિવસની અંદર વિશ્વાસ મત માટે પ્રતિનિધિ સભામાં પ્રસ્તાવ રજૂ કરવાનો રહે છે.

25 ડીસેમ્બર, 2022ના રોજ નેપાળના પ્રધાનમંત્રી બન્યા બાદ આ ચોથીવાર છે, જ્યારે પ્રચંડે વિશ્વાસ મત પરીક્ષામાંથી પસાર થવું પડી રહ્યું છે. તેમણે છેલ્લા ત્રણ વિશ્વાસ મત જીતી લીધા હતા, જોકે તેમના સમર્થનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

.................

## *ED _ KEJRIWAL*

પ્રવર્તન નિદેશાલય – EDએ ગઈકાલે નવું પૂરક આરોપનામું દાખલ કર્યું છે, જેમાં દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પહેલીવાર દિલ્હીની આબકારી નીતિ સંબંધિત મની લૉન્ડરિંગ કેસમાં આરોપી તરીકે રજૂ કરાયા છે.

કેન્દ્રીય તપાસ એજન્સીએ આ મામલે આમ આદમી પાર્ટીને પણ આરોપી તરીકે દર્શાવી છે.

ઈડીએ સર્વોચ્ચ અદાલતમાં કહ્યું છે કે તેણે આબકારી નીતિ મામલે અરવિંદ કેજરીવાલ અને હવાલા ઑપરેટરો વચ્ચેની ચેટ શોધી કાઢી છે. એજન્સીએ દાવો કર્યો છે કે કેજરીવાલે પોતાના લેપટોપ અને મોબાઇલના પાસવર્ડ શેર કરવાનો ઇનકાર કર્યા બાદ હવાલા ઑપરેટર્સના ઉપકરણોમાંથી આ ચેટ મેળવવામાં આવી હતી. એજન્સીએ સમન્સ બજાવ્યા બાદ હાજર ન થતા ઈડીએ 21 માર્ચના રોજ અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી.

.................

## *CAMBODIA*

કંબોડિયા અને દક્ષિણ પૂર્વીય દેશોમાં નોકરી માટે જનારા ભારતીયોને નકલી એજન્ટોથી સાવધાન રહેવા માટે વિદેશ મંત્રાલયે કહ્યું છે.

કંબોડિયા અને લાઓસમાં ભારતીય દૂતાવાસે કહ્યું છે કે આ વિસ્તારમાં સક્રીય નકલી એજન્ટ ભારતીય એજન્ટો સાથે મળીને નકલી કંપનીઓ, ખાસ કરીને સાઇબર ક્રાઇમમાં સામેલ થવાની લાલચ આપી રહ્યા છે. કંબોડિયામાં

નોકરી માટે વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટનો જ સંપર્ક કરવા માટે કહેવાયું છે.

હાલમાં એવી ઘટનાઓ સામે આવી છે, જેમાં ભારતીય નાગરિકોને થાઈલેંન્ડના રસ્તે લાઓસમાં નોકરીની લાલચે લઈ જવાયા હોય. આ નકલી નોકરીઓ, ગોલ્ડન ટ્રાયંગલ સ્પેશિયલ ઇકૉનોમિક ઝોનના કૉલ સેન્ટર કૌભાંડો અને ક્રિપ્ટો કરન્સી કૌભાંડમાં સામેલ કંપનીઓ દ્વારા અપાઈ રહી છે.

દુબઈ, બૅંગ્કોક, સિંગાપુર અને ભારતમાં આ કંપનીઓના એજન્ટ સામાન્ય ઇન્ટરવ્યૂ અને ટાઇપિંગ ટેસ્ટ લઈને યુવાનોને ભરતી કરી રહ્યા છે. યુવાનોને પરત હવાઈ ટિકીટ, વીઝા, સાથે ઉચ્ચ વેતન, હોટેલ બૂકિંગની ઑફર પણ કરાઈ રહી છે. આ લોકોને ગેરકાયદેસર રીતે થાઈલેંન્ડથી લાઓસ લઈ જઈ તેમને બંધક બનાવવામાં આવી રહ્યા છે.

.................

## *IMD WEATHER*

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં તેલંગાણા, તટિય કર્ણાટક, તમિલનાડુના કેટલાક ભાગો ઉપરાંત કેરળ, લક્ષદ્વીપના કેટલાક ભાગો તેમજ આંદમાન નિકોબાર ટાપુ પર હળવોથી મધ્યમ વરસાદની...જ્યારે કે કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

આ તરફ પૂર્વોત્તર ભારત, વિદર્ભ, મરાઠાવાડ, દક્ષિણ અને મધ્ય મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના કેટલાક ભાગોમા હળવો વરસાદ વરસી શકે છે.

જોકે ગુજરાત સહિત પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર તેમજ રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેશે, અને ગરમીમાં વધારો થઈ શકે છે.

.................

## *IPL CRICKET*

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બંગલુરુ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમા મેચ રમાશે.

અન્ય એક મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઇન્ડિયન્સને 18 રનોથી હરાવ્યું હતું. લખનઉ એ મુંબઈ સામે જીત માટે 215 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. જેના જવાબમાં મુંબઈની ટીમે 20 ઑવરમાં 196 રન બનાવ્યા હતા. રોહિત શર્માએ 68 અને નમન ધીરે અણનમ 62 રન બનાવ્યા. લખનઉ માટે નવીન ઉલ હક અને રવિ બિશ્નોઈએ બે-બે વિકેટ લીધા હતા.

આ જીત છતાં લખનઉની ટીમ પ્લે ઑફમાંથી બહાર થઈ ગઈ છે. મુંબઈ ઇન્ડિયન્સ પણ પહેલાથી જ આ દૌડમાંથી બહાર છે.

.................

## *ISRAEL GAZA*

ઇઝરાયેલની સેના એ ગાંઝામાંથી ત્રણ બંધકોના મૃતદહે મેળવ્યા છે.

ઇઝરાયેલ સુરક્ષા દળ IDFના જણાવ્યા અનુસાર સાત ઑક્ટોબરના રોજ આ બંધકોની હત્યા કરી દેવાઈ હતી. ઇઝરાયેલના સુરક્ષા દળોએ ગઈકાલે આખી રાત એક સર્ચ ઑપરેશન ચલાવ્યુ હતું, જે દરમિયાન આ મૃતદેહો મળી આવ્યા હતા.

પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ આ ખબરને દુખદ ગણાવી હતી. હમાસના બંધૂકધારીઓએ સાત ઑક્ટોબરના રોજ ઇઝરાયેલમાં ઘૂસીને એક હુમલામાં હજારો લોકોને મોતને ઘાટ ઉતર્યા હતા. આ ઉપરાંત તેઓ અઢીસોથી વધુ નાગરિકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા હતા. હમાસ દ્વારા સંચાલિત આરોગ્ય મંત્રાલય પ્રમાણે હમાસના હુમલા બાદ ગાઝામાં આક્રમક હુમલા કરાયા હતા, જેમાં 35 હજારથી વધુ નાગરિકોના મૃત્યુ થયા છે.

.................

## *CHABHAR*

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ચાબહાર બંદરને અશિયાઈ દેશોના મહત્વના કેન્દ્ર તરીકે વિકસીત કરવા માટે ભારત પ્રતિબદ્ધ છે.

નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યુ કે ભારત અને ઇરાન વચ્ચે લાંબા ગાળાની સમજૂતિનું આ પરિણામ છે. વધુમાં

તેમણે કહ્યું કે ચાબહાર બંદર દ્વારા ભારત, અફઘાનિસ્તાનને માનવીય મદદ કરવા માટે સક્ષમ છે.

ગત સપ્તાહે ભારત અને ઇરાનની જાહેર ક્ષેત્રની કંપનીઓ વચ્ચે ચાબહાર બંદરને લઈને સમજૂતી થઈ હતી, જે અતંર્ગત આગામી દસ વર્ષો સુધી તેનું સંચાલન ભારત દ્વારા કરવામાં આવશે.

.................